નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી
ખાતેની હંગામી જગ્યાઓને કાયમી કરવા
બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૯/૨૨૪૪/બ-૧,
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૬/૦૫/૨૦૨૨.

**વંચાણે લીધા** :

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૨/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૪/૩૦૬/પા.ફા.૧/બ-૧,
(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૭/૦૬/૨૦13નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૨/૪૯૯૪/બ,

**ઠરાવ :**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી ખાતે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ની કુલ-૪ (ચાર) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦23 સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરીનું મહેકમ મંજુર કરવામાં આવેલ છે. આઇસીડીએસની તમામ યોજનાઓનું જિલ્લા કચેરી અને ઘટક કચેરી દ્વારા અમલીકરણ કરાવવાનું તથા તેનું મોનિટરીંગનું અગત્યનું કામ નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરીએ કરવાનું હોય છે. આવી અગત્યની કામગીરી માટે ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ભરેલી જગ્યાઓ કાયમી જગ્યાઓમાં રૂપાંતરીત કરવી વહીવટી દ્રષ્ટિએ ખુબ જરૂરી છે, જેથી જગ્યાઓ એબેયન્સમાં જવાના કે રદ થવાના પ્રશ્નો નિવારી શકાય આથી ત્રણ વર્ષ સુધી સતત ભરાયેલી હંગામી જગ્યાઓને કાયમી કરવા માટેની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- પુખ્ત વિચારણાને અંતે વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરીઓ ખાતેની નીચે મુજબની કુલ-03 હંગામી જગ્યાઓ કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | પગાર ધોરણ | કાયમી જગ્યા |
|---|---|---|---|
| ૧ | બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨, નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, રાજકોટ, | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ (પે-૮) | ૦૧ |
| ૨ | બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨, નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, અમદાવાદ, | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ (પે-૮) | ૦૧ |
| 3 | બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨, નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, વડોદરા, | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ (પે-૮) | ૦૧ |
| | | કુલ જગ્યાઓ | 03 |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૮/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૨) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૩) નાણાસલાહકારશ્રી,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪) વિભાગીય નાયબ નિયામકશ્રી, રાજકોટ, વડોદરા, અમદાવાદ.

(૫) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી,રાજકોટ/અમદાવાદ.

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી,ગાંધીનગર.

(૭) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઇટ પર મુકવા સારૂ.

(૭) શાખા સિલેકટ ફાઇલ.